વાર્ષિક લવાજમ રૂા. ૫૦
રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર
અનસૂયા
વર્ષ - ૩૮ : અંક - ૧૮ ✻ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઇ ✻ તંત્રી : નમ્રતા બાલી ✻ પ્રકાશન : સપ્ટેમ્બર ૨૨, ૨૦૨૦

# હેરીટેજ સચવાયું



મરાઠા કાળથી સળંગ ચાલ્યું આવતું ભદ્રકાળી કિલ્લાનું વર્ષો જૂનું ભદ્ર ઐતિહાસિક સ્વાભાવિક બજાર કોરોના મહામારીને લીધે ૨૦-૩-૨૦થી બંધ હતું. જે તાજેતરમાં માસ્ક પહેરી, બે હાથનું અંતર રાખીને, સેનીટાઇઝરની વ્યવસ્થા સાથે ફરી ચાલુ થયું. વેચનારાઓને મોટ્ટી હાશ થઇ અને હેરીટેજ સચવાયું...

❑

# સેવા બેંક દ્વારા આર્થિક સાક્ષરતા (ફાયનાન્શિયલ લિટ્રસી)

સન ૧૯૭૫માં સ્વાશ્રયી મહિલા સેવા સંઘ (સેવા)ની સભ્ય બહેનોએ - 'સેવા'ની સભ્ય બહેનોની પોતાની બેંક બનાવવાનું નક્કી કર્યું. આ બેંક બનાવવાનો મુખ્ય હેતુ, બેંકની સેવાઓ દ્વારા સેવાની બહેનો આર્થિક રીતે સ્વાવલંબી થાય તે હતો.

આપણે સૌ જાણીએ જ છીએ કે સૌ બહેનો આર્થિક રીતે પ્રવૃત્ત છે અને અથાગ પરિશ્રમ કરે તો પણ આવક પૂરતી ના હોય અને અનિયમિત આવકના કારણે જરૂરી પૂરતી મૂડી મળે નહિ, અને જરૂરી ધંધાના સાધનો જેવા કે સિલાઈ મશીન, ખેતીના ઓજારો કે હાથલારી ખરીદી ના શકે અને તે ભાડા ઉપર લાવવા પડે. પોતાની મૂડી અથવા સાધનો ના હોય એટલે તેમને શાહુકાર પાસેથી મોટા વ્યાજે પૈસા લાવવા પડે અને સાધનોનું ભાડું આપવું પડે. વળી, ઘરમાં બીમારી, અકસ્માત કે કોઈ કુદરતી આફત આવે તો પૈસાની જરૂર પડે. વ્યાજ તથા ભાડાનો ખર્ચ ઉપરાંત આફતોમાં આવતાં ખર્ચના કારણે વારંવાર દેવું કરવું પડે અને આખરે એક સમય એવો આવે કે તે સખત મહેનત કર્યા બાદ પણ "ગરીબીના વિષચક્રમાં" ફસાઈ જાય અને તેમાંથી બહાર નીકળવાનો રસ્તો ના મળે. બેંકો પણ નાના ધંધા/વ્યવસાય કરતા બહેનોને ધિરાણ આપતા અચકાય.

"સેવાબેંક"ની પ્રમોટર બહેનોએ બેન્ક શરૂ થઈ, ત્યારે બેંકનો મુખ્ય ઉદ્દેશ રાખ્યો કે બેન્કની બહેનોને ગરીબીના વિષચક્રમાંથી બહાર કાઢવા એટલે કે

- શાહુકારના દેવામાંથી બહાર કાઢવા
- બહેનોની મૂડી બનાવવામાં મદદ કરવી
- બહેનોની આવક વધે અને તેમના વ્યવસાય વધારે વિકસે
- બચત કરતા શીખે-બચત કરે અને બચત દ્વારા તેમની પોતાની 'મૂડી' ઉભી કરે
- બહેનોના નામે, મિલકત ઉભી થાય
- આફતોનો સામનો કરી શકે
- પોતાનું ઘર હોય
- આર્થિક રીતે "સ્વાવલંબી" થાય

આ હેતુને પાર પાડવા માટે સેવાબેંકે ધીમે ધીમે બહેનોને અનુકૂળ/જરૂરી હોય એવી અનેક યોજનાઓ બનાવી જેવી કે ધિરાણ, બચત, વીમો, પેન્શન, વગેરે...

**(૧) ધિરાણ :**

| | | |
|---|---|---|
| દેવું ચૂકવવા | (૧) | શાહુકારના દેવામાંથી મુકત કરવાનું ધિરાણ |
| મિલકત વસાવવા | (૨) | ગીરવે મુકેલી મિલકતો જેમ કે - દાગીના- જમીન- ઘર વગેરે. છોડાવવા માટેનું ધિરાણ |
| ધંધો કરવા | (૩) | વ્યવસાય/ ધંધો કરવા માટે ધિરાણ/ ધંધો વધારવા |
| ધંધો શરુ કરવા | (૪) | નવો વ્યવસાય શરુ કરવા માટે ધિરાણ |
| મિલકત વસાવવા | (૫) | ધંધા ના સાધનો ખરીદવા માટે ધિરાણ |
| ઘર મરામત | (૬) | ઘરની મરામત કરવા માટે અને સેવાઓ જેવી કે નળ / પાણી / ગટર વીજળી માટે ધિરાણ |
| ખરીદી માટે | (૭) | ઘર ખરીદવા માટે ધિરાણ |
| ભણતર | (૮) | દીકરા/ દીકરીઓના ભણતર માટે ધિરાણ |

જેમ જેમ બહેનોની જરૂરિયાત આવતી ગઈ તે પ્રમાણે ધિરાણની યોજનાઓ બનતી ગઈ.

**(૨) બચત :**

(૧) સાદી બચત યોજના : નાની/ મોટી રકમ બચત ખાતામાં નાખે/ ઉપાડી શકે

(૨) રીકરીંગ યોજના : દર મહિને અમુક રકમ - અમુક મુદ્દત -૧ વર્ષ થી ૧૦ વર્ષ સુધી - નિયમિત મુકવી અને જયારે રીકરીંગ ખાતાની મુદ્દત પુરી થાય ત્યારે મુદ્દલ વ્યાજ સાથે મળે.

(૩) ફિક્સ ડિપોઝીટ યોજના : એક સામટા રૂપિયા આવ્યા હોય તે અમુક મુદ્દત માટે મૂકી શકે. (૧ વવર્ષ થી ૧૦ વર્ષ) અને જયારે મુદ્દત પુરી થાય ત્યારે વ્યાજ સાથે મુદ્દલ મળે.

**(૩) વીમો :**

જયારે આફત આવે ત્યારે - પોતાની બચત ના ઉપાડવી પડે, દેવું ના કરવું પડે તે માટે "વીમા યોજના"

(૧) જીવન વીમો ( જયારે મૃત્યુ થાય ત્યારે સામટી રકમ મળે)

(૨) પતિ માટે જીવન વીમો (વિધવા થાય ત્યારે સામટી રકમ મળે)

(૩) બીમારી મટે વીમો (પુરા કુટુંબની બીમારીનો વીમો)

(૪) અકસ્માત વીમો

(૫) કુદરતી આફત : પૂર, વાવાઝોડું , ધરતીકંપ, આગ જેવી કુદરતી આફત, વીમો

(૬) મકાન માટે વીમો

**(૪) પેન્શન :**

ઘડપણમાં જયારે કામ ના કરી શકે ત્યારે દર મહિને પેન્શનની આવક મળે

બધાજ પ્રકારની યોજનાઓનો મુખ્ય હેતુ એ છે કે બહેનોના કુટુંબમાં જયારે આખા જીવનમાં ક્યારે પણ પૈસાની જરૂર પડે તો તેમને દેવું ના કરવું પડે- તેમની મૂડી સલામત રહે અને બહેન સ્વાવલંબી બને- કોઈની પાસે હાથ ના ફેલાવવો પડે.

**આર્થિક સાક્ષરતાની જરૂરિયાત (ફાઈનાન્સિયલ લિટરસી )**

સેવા બેંકનો સતત પ્રયતન રહ્યો છે કે બહેનો બેંકની બધીજ નાણાકીય યોજનાઓનો ઉપયોગ કરી તેમની બધી જ નાણાંકીય જરૂરીયાતો પુરી કરે, દેવામાં ના ડૂબે, પોતાની મૂડી ઉભી કરે, આફતમાં વીમાની મદદ લે અને પોતાનું ઘડપણ સુરક્ષિત કરે.

આ માટેની “સમજ” આપવા માટે સેવા બેંકે છેલ્લા વીસ વર્ષથી “નાણાંકીય સાક્ષરતા”ની તાલીમો શરુ કરી છે.

તાલીમ શરુ કરતા પહેલા બહેનોની નાણાંની સમજદારી વિષે એક સર્વે કર્યો જેમાં તેમના નાણાંકીય વ્યવહાર અને વર્તણૂંક (financial behaviour)વિશેની સમજ મેળવી- જેમાં ચાર મુખ્ય મુદ્દા આવ્યા.

(૧) “રોજ કમાય અને રોજ ખાય” આને કારણે તેમની નાણાં માટેની વિચારવાની પદ્ધતિ - ટૂંકા ગાળાની જ રહી. ભવિષ્યનું વિચારવાનું અને તે માટે આયોજન કરવાનો વિચાર ઘણા ઓછા લોકોને આવે. આવતીકાલનો - ભવિષ્યનો વિચાર ઓછો કરે.

(૨) આજ કારણે, જયારે વધારે પૈસાની જરૂર પડે ત્યારે પૈસા ના હોય તો દેવું કરે, ખાસ કરીને આ દેવું વધારે વ્યાજે કરે, ત્યારે પણ આ દેવું કેવી રીતે ચૂકવશે, વ્યાજનો દર શું હશે ? - એ બધી ચીંતા ના કરે.

(૩) જીવનમાં આવતા બધા જ સારા/ ખોટા પ્રસંગો, જરૂરિયાતો માટે જયારે પૈસાની જરૂર હોય ત્યારે ફકત એક જ નાણાંકીય સેવાનો ઉપયોગ કરે- એટલે કે ધિરાણનો જ ઉપયોગ કરે - પછી તે જરૂર બીમારી માટે હોય, લગ્ન પ્રસંગ માટે હોય કે મશીન ખરીદવા માટે હોય.

એટલે કે બચત, વીમો, પેન્શન જેવી યોજનાઓનો ઉપયોગ/ વિચાર ના કરે.

આવા નાણાંકીય વ્યવહારોના કારણે ખુબ મહેનત કર્યાપછી પણ આર્થિક રીતે સ્વાવલંબન ના થઈ શકે.

**આર્થિક સાક્ષરતા**

આર્થિક સાક્ષરતાની શરૂઆત બહેનોના આર્થિક વ્યવહાર અને તેમની સમજમાં ફેરફાર લાવવાની શરૂઆતથી કરી જેમ કે,

(૧) આર્થિક આયોજનની જરૂરિયાત - મહત્વ : કાલનું વિચારતા શીખો

- બહેનોને જીવનચક્રમાં નાણાંકીય જરૂરિયાતો ક્યારે ક્યારે આવે છે ?

રોજબરોજના જીવનમાં પૈસાની જરૂર પડે છે પરંતુ આ ઉપરાંત - તહેવારો આવે, માંદગી આવે, દીકરા/ દીકરીના ભણતર માટે, ઘરમાં સારા ખોટા પ્રસંગો આવે, કુદરતી આફત, મકાન ખરીદવા/ મરામત કરવા ,ધંધાના સાધનો ખરીદવા , ઘડપણમાં એટલે કે સારા ખોટા પ્રંસંગો માટે વ્યવસાય ચાલુ કરવા, વધારવા માટે પૈસાની જરૂર પડે છે.

આ માટે જે પહેલેથી વિચારી રાખીએ તો જુદી જુદી યોજનાઓનો ઉપયોગ કરીને આપણે સ્વાવલંબી બની શકીએ.

દા.ત.

(અ) જીવનમાં આવતી આફતો - જેમ કે બીમારી, અકસ્માત, કુદરતી આફત, ધંધામાં આફત આવા કટોકટીના સમયને પહોંચી વળવા વીમો ઉપયોગી થાય. આપણને ખબર નથી કટોકટી ક્યારે આવશે?

(બ) ઘરમાં આવતા નાનાં-મોટાં પ્રસંગો - જેની આપણને પહેલેથી ખબર છે - જેમ કે લગ્ન પ્રસંગ, દીકરા દીકરાઓની ફી, તહેવારો, ઘડપણ આ બધી જ જરૂરિયાતો ને પહોંચી વળવા માટે દરેક હેતુ માટે બચત કરો. દા.ત. તહેવાર માટે ૧ વર્ષનું રીકરીંગ ખાતું, લગ્ન માટે લાંબા ગાળાનું રીકરીંગ ખાતું/ ફિકસ ડિપોઝીટ ઘડપણ માટે નિયમિત બચત- નાની ઉંમરથી શરુ કરો.

(ક) ધંધા / વ્યવસાય માટેની જરૂરિયાત : ધંધો કરવા માટે / વધારવા માટે/ ધંધાના સાધનો ખરીદવા માટે ધિરાણ - ધિરાણ લઈને ધંધામાં એવી રીતે વાપરવું કે જેમાંથી આવક થાય. એટલે કે ઉત્પાદકીય હેતુ માટે વપરાય.

જયારે- ધિરાણ , બચત, વીમો અને પેન્શનની ચારેય નાણાંકીય યોજનાઓનો આયોજનથી ઉપયોગ થાય ત્યારે

આર્થિક રીતે સ્વાવલંબી બની શકાય.

(૨) **બચતનું મહત્વઃ**

(અ) બચતના ફાયદા : બચત આપણી મૂડી છે. આપણે કોઈની પાસે હાથ લંબાવવો પડતો નથી, દેવું કરવાથી બચીએ છીએ. જો બચત બેંકમાં મૂકીએ તો વ્યાજ મળે છે.

(બ) બચત કેવી રીતે કરવી? આવકમાંથી ખર્ચ ઓછો કરી બચત થઇ શકે છે. ખોટા/ બિનજરૂરી ખર્ચ ઓછા કરીને બચત થઇ શકે છે. રોજે રોજ જો થોડા પૈસા બચાવી બાજુ ઉપર રાખીએ- તો ધીમે ધીમે રકમ વધે છે અને જો બેંકમાં મૂકીએ તો તેના ઉપર વ્યાજ પણ મળી શકે છે.

(ક) ચક્રવૃદ્ધિ વ્યાજ : બચતને જો નિયમિત રીતે બેંકના રીકરીંગ ખાતામાં મૂકીએ તો તેના ઉપર વ્યાજ અને વ્યાજ ઉપર વ્યાજ એટલે કે ચક્રવૃદ્ધિ વ્યાજ મળે છે.

(ડ) **નિયમઃ**

- દરરોજ થોડા થોડા રૂપિયા બચાવો
- નિયમિત રીતે બચાવો
- હેતુ દીઠ બચત કરો- જેમ કે તહેવાર માટે રીકરીંગ ખાતું ૧૨ મહિના માટે- અને છોકરાની ફી માટે - ૩ વર્ષનું રીકરીંગ ખાતું, પેન્શન માટે લાંબાગાળાની બચત
- નાનપણથી બચતની ટેવ પાડો
- બચત આપનો કમાઉ દીકરો/ દીકરી
- બચત આપણી ઘડપણની લાકડી
- બચત- આપણી મૂડી - આપનો આત્મ વિશ્વાસ

(૩) ધિરાણ : આપણી આર્થિક પ્રવૃત્તિ કરવા માટે ધિરાણ જરૂરી છે.

(અ) યાદ રાખો - ધિરાણનો ઉપયોગ ઉત્પાદકીય હેતુ માટે જ કરો એટલે કે ધિરાણના પૈસાનો ઉપયોગ જો ધંધાની આવક મેળવવા/ વધારવા માટે થતો હોય તો જ કરો દા.ત.

ધંધાના માલ ખરીદવા માટે ધિરાણ લેવાય કે આ માલમાંથી ઉત્પાદન થશે અને તેમાંથી વેચાણ થતા ‘‘નફો’’ મળશે. પણ જો ધિરાણ , લગ્ન પ્રસંગ માટે લેવામાં આવશે તો તેમાંથી આવક મળશે નહિ અને દેવું થશે.

સિલાઈકામ નું કામ વધારવા માટે એક બીજું મશીન ખરીદવા માટે ધિરાણ લો, આ મશીનથી વધારે કપડાં સીવાશે અને તેમાંથી વધારે આવક મળશે પણ જો ટેલિવિઝન લેવા માટે ધિરાણ લેશો તો તેમાંથી કોઈ આવક મળશે નહિ.

(બ) ધિરાણ - વિચારીને લેવું.

**ધિરાણની વિગતો સમજવી**

(૧) વ્યાજનો દર

(૨) વ્યાજ આપવાની પદ્ધતિ : ફ્લેટ/સીધી લીટીની પદ્ધતિ કે ઘટતી જતી બાકીની રીત

(૩) ધિરાણના કુલ હપ્તા (સમય)

(૪) દંડનીય વ્યાજની શરતો

(ક) ધિરાણ નિયમિત ભરી દેવું નહીંતર વ્યાજ ઉપર વ્યાજ ભરીને ખુબ પૈસા ભરવા પડશે

(ડ) નિયમિત ધિરાણ ભરાશે - તમારી શાખ વધશે

(૪) વીમો :

જીવનની અનેક આફતોમાં નાણાંકીય રાહત લેવા માટે વીમો જરૂરી છે.

આફત કયારે આવશે તે ખબર નથી હોતી અને આવશે જ એવી કોઈ ખાતરી પણ નથી. પરંતુ વીમો જીવનના આયોજન માટે ખુબ જરૂરી છે. કારણે આફત કોઈને કહીને નથી આવતી

(અ) વીમાના અનેક પ્રકારો છે.

(૧) જીવન વીમો

(૨) અકસ્માત વીમો

(૩) માંદગીનો વીમો

(૪) ધંધાના સાધનોનો વીમો

(૫) મકાનનો વીમો

(૬) કુદરતી આફતોનો વીમો

(૭) ખેતીના પાકનો વીમો

(૮) ગાય- ભેંસનો વીમો

(બ) વીમાનું પ્રીમિયમ દર વર્ષે ભરવું પડે- જેનો ખર્ચ વીમાના કલેઈમના પ્રમાણમાં ખુબ ઓછો હોય છે એટલે કે જીવનવીમાનું પ્રીમિયમ રૂ. ૧૨૫/- હોય તો મૃત્યુ વખતે વીમો રૂ.૨૫૦૦૦/- નો મળે. પ્રીમિયમ નિયમિત ભરવું જરૂરી છે.

(ક) જો વીમો પાકે એટલે કે દા.ત. ગાયનો વીમો હોય અને ગાયનું મૃત્યુ થાય તો ગાયની કિંમત જેટલી રકમ વીમાની

રકમ મળે. આ આપણને ફાયદો ન ગણાય પણ નુકશાનનું વળતર મળ્યું કહેવાય. આ વળતરનાં પૈસાથી બીજી ગાય ખરીદી શકાય. ''વીમો'' લો અને ચિંતામુકત થાવ.

(૫) પેન્શન

આપણી શ્રમજીવી બહેનો નાની ઉંમરથી જ કામ કરવાનું શરુ કરે છે અને આ કામ જ્યાં સુધી જીવે ત્યાં સુધી કરતા હોય છે. વળી તેમના કામના કલાકો પણ વધારે હોય છે એટલે કે લાંબા દિવસો અને લાંબી ઉમર સુધી કામ કરવું જ પડે છે. સામાન્ય રીતે સંગઠિત ક્ષેત્રમાં કામ કરનાર લોકોને પેન્શન, પ્રોવિડન્ટ ફંડ મળતા હોય છે. જે અસંગઠિત વર્ગના લોકોને નથી મળતા.

જો કે હવે - અસંગઠિત વર્ગના કામદારો માટે પણ ''પેન્શન'' ની યોજના અમલમાં મુકાઈ છે.

યુવાન બહેનોએ જયારે કમાય છે ત્યારે જ ભવિષ્યની ચીંતા કરીને પેન્શન યોજનામાં જોડાવું જોઈએ. સેવા બેંકમાં યુ.ટી.આઈ.ની પેન્શન યોજના અમલમાં છે. જેમાં સેવા બેંક દ્વારા યુ.ટી.આઈ ખાતું ખોલાવી દર મહિને ઓછામાં ઓછા રૂ.૧૦૦/- થી જોડાવાયા- વધારે રકમ પણ આ યોજનામાં નાંખી શકાય. ૬૦ વર્ષની ઉંમરે મુદ્દલ અને તેના ઉપરનો નફો સાથે રકમ મળી શકે જે દર મહિને પેન્શન તરીકે મળી શકે.

આજ રીતે સરકારની અટલ પેન્શન યોજના સાથે પણ જોડાઈ શકે. ૧૮ વર્ષથી ૪૦ વર્ષની બહેનો જોડાઈ શકે. દર મહિને નિયમિત રીતે પેન્શનની રકમ મુકવી જોઈએ. મુકેલી રકમના પ્રમાણમાં જયારે ૬૦ વર્ષના થઈએ ત્યારે દર મહિને રૂ.૧૦૦૦/ ૨૦૦૦/ ૩૦૦૦/૪૦૦૦/૫૦૦૦ નું દર મહિને પેન્શન મળે.

જો બહેનનું મૃત્યુ થાય તો તેમના પતિને પણ પેન્શન મળે, અથવા જયારે બંને વ્યકિતનું મૃત્યુ થાય તો તેમના વારસદારને મુદ્દલ રકમ પાછી મળે.

''પેન્શન કરી, નિયમિત રકમ દર મહિને જમા કરી - ઘડપણને સલામત કરો''

''આર્થિક સાક્ષરતા'' ને સમજી જીવનચક્રમાં ભવિષ્યના જુદા જુદા જરૂરી ખર્ચનો વિચાર કરી બચત કરો, ખર્ચ ઓછો કરી વીમો લો, ધિરાણ સમજીને વાપરો, પેન્શનમાં જોડાવ અને આર્થિક રીતે સ્વાવલંબી બનો અને તમારા ભવિષ્યને સમૃદ્ધ અને સ્વાવલંબી બનાવો.

**જયશ્રી વ્યાસ**
મેનેજીંગ ડિરેકટર
સેવા બેંક

❑

# હવામાનનો વરતારો

સદીઓથી ખેડૂ ઋતુઓને પારખીને ખેતી કામ કરે છે. ગામમાં ઘણા બહેનો-ભાઇઓ, વડીલોને ઋતુઓના મિજાજનો અંદાજ આવી જાય છે અને તેને ધ્યાનમાં રાખી ખેતીમાં નિર્ણય લે છે. પરંપરાગત રીતોમાં કહેવાય છે કે, ''ટીટોડી ઈંડા જમીન પર મૂકે તો વરસાદ નહિવત આવે અને ઉંચે ઝાડની ટોચે કે ઉંચાણ પર મૂકે તો વરસાદ સારો આવે વગેરે''...પવનની દિશાના આધારે નક્કી થાય કે ચોમાસુ કેવું રહેશે, કયા નક્ષત્રમાં કેટલો વરસાદ રહેશે અને હોળી દહન વખતે તેની જરોળની દિશા ઉપરથી વરસનો વરતારો નક્કી થાય. વળી, હોળી પ્રગટાવે તે પહેલાં માટીના કુંભમાં વિવિધ જાતના અનાજ ભરીને મૂકવામાં આવે છે. હોળી ઠરે, ત્યારે તેને બહાર કાઢીને દાણા જોવામાં આવે છે કે, ખેતી કેવી થશે! આ તો થઈ કુદરતી એંધાણ અને માનવે અનુભવે નક્કી કરેલા અનુમાન તથા માન્યતાઓની.

ઋતુઓના વરતારાને જાણી કામો કરીએ, નિર્ણયો લઈએ તો નુકશાન વેઠવાનો વારો ઓછો આવે. ઋતુઓ ખેડૂતોના જીવન પર ખૂબ અસર કરે છે. ઋતુઓ પારખવામાં નિર્ણયો લેવામાં ખેડૂત જેટલો સૂઝવાળો તેટલું જ ખેતીમાં નુકશાન ઓછું. આપણા દેશમાં ૬૮ ટકા પરિવારો ખેતી પર નિર્ભર છે. તેથી તેમને થતી અસરો દેશના અર્થતંત્રને ખેડૂ પરિવારોને અને સમાજના પોષક આહારને ડામાડોળ કરી નાખે છે. એમાંય વળી કોવિડ-૧૯ મહામારી અને ખેતીમાં આવતા પડકારો ગ્રામ્યજીવનને બેઠુ થવાજ નથી દેતું.

તાજેતરમાં આવેલા ભારે વરસાદે ખેતરોમાં પાણી ભરાઇ જતાં સતત વરસાદને કારણે વિવિધ પાકોને નુકશાન પહોંચ્યું છે. નુકશાનીની અસર ૧૦%થી માંડીને ૮૦% ઉપર જવા પામી છે. આનું કારણ શું તે જાણવાની જરૂર છે. હવામાન વિભાગ દ્વારા 'લાનીનોની' આગાહી કરવામાં આવી છે. પરિણામે ચોમાસામાં સીઝનનો વધુ વરસાદ વરસી રહયો છે. ચોક્કસ વિસ્તારોમાં વધુ વરસાદ વરસી રહયો છે. અને તેની સારી અસર જોઇએ તો જમીનમાં પાણી ઉતરવાની પ્રક્રિયા ફાયદાકારક છે. તળના પાણી ઉંચા આવશે. નદી-નાળા, તળાવો, ચેકડેમ, કૂવા વગેરે છલકાયા છે. પરંતુ, બનાસકાંઠા, પાટણના ખેડૂ શું કહે છે જાણીએ.

ખરીફ પાક એટલે ચોમાસામાં વાવેતર થાય ને ૮૦% ખેડૂતો ખરીફ પાકનું વવાવેતર કરી નાખે છે. જ્યારે ૨૦% ખેડૂતો એવા છે કે તેઓની જમીનમાં ક્યારે પણ ખરીફ પાક લઇ શકતા નથી કારણ કે ખેતર ભરતીયાળ (પાણી ભરાઇ જાય તે ખેતર) હોવાથી પણ વધુ વરસાદ હોય તો મધ્યમ એટલે કે ૬૦% ગામમાં એવા ખેતરો હોય છે કે વધુ વરસાદ થાય તો નુકશાન થાય પણ પૂરો પાક નિષ્ફળ ન જાય. અને ૨૦% ગામમાં એવી જમીન હોય છે, કે ગમે તેટલો વરસાદ થાય પણ નુકશાન બિલકુલ ન થાય. હવે

આ વખતે વરસાદ પડયો એ વધારે કહેવાય તેમાં કઠોળ અને કપાસના પાકને ખૂબ જ નુકશાન હવે આ નુકશાનવાળા ને ફાયદો થશે પણ રવિપાકમાં એટલે કે શિયાળુ પાકમાં પણ તેમને ખરીફપાકનું નુકશાન વેઠવાનો વારો આવ્યો. ૬૦% એટલે કે મધ્યમ જમીનવાળાને ૨૦% ઉંચાણવાળાને ફાયદો અને ૨૦% ભરતીયાળ ખેતરોવાળાને ફાયદો પણ એ એક જ પાક લઈ શકે છે અને મધ્યમ જમીનવાળા બે પાક લઇ શકે છે. હવે આ વર્ષે મધ્યમ જમીન ધરાવતા ખેડૂતોને નુકશાન છે. જે ૬૦% લોકોને બિયારણ/ ખેડ અને મજૂરી તેના પ્રમાણે વળતર નહિ મળે પણ રવિ પાકમાં ફાયદો થશે. પણ એ ખર્ચ કરીને પિયત કરવાનું ખર્ચ, બિયારણ, ખેડ, ખાતર અને દવાઓમાં ખર્ચ થશે. જ્યારે ૨૦% (ભરતીયાળ) જમીન ધરાવતાં ચોમાસામાં પાક વાવતા જ નથી કારણ કે, ખબર છે કે, પાણી ભરાઇ જશે. ખેડૂતની કળ રામમોલ થાય તો જ વળે (રામમોલ એટલે ચોમાસુ પાક) ખર્ચ વગરનો પાક.

વર્તમાન સમયમાં હવામાનની જાણકારી ફોન દ્વારા પળે પળે મળતી રહે છે. ટેલિવિઝન પર હવામાન સમાચાર આપવામાં આવે છે. વળી, રાજ્ય સરકાર દ્વારા પણ હવામાનને લગતી જાણકારી, ચેતવણી વિવિધ માધ્યમોથી આપવામાં આવે છે. હવામાનને લગતી માહિતી આપણા દેશમાં ભારતીય હવામાન વિભાગ દ્વારા પૂરી પાડવામાં આવે છે. ટેક્નોલૉજીના માધ્યમથી ખેડૂત પણ રજીસ્ટ્રેશન કરે તો કૃષિવિજ્ઞાન કેન્દ્ર દ્વારા હવામાન ખાતાએ જાહેર કરેલ બુલેટીન પરથી વિસ્તાર પ્રમાણે માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.

હવામાનની જાણકારી ખેડૂને મળે તેનાથી શું ફાયદા? આવો જાણીએ! હવામાનની ચેતવણી મળે છે તેથી, અમે સભ્યોને સોશિયલ મિડિયાના માધ્યમથી આગોતરું આયોજન કરવા જણાવીએ છીએ. જેમ કે, વધુ વરસાદની આગાહી હતી તેથી પશુને નદી-કોતરમાં છૂટા ચરવા ન મૂકવા ધ્યાન દોરીએ. વળી, પશુ વીમાનું કામ પણ અગત્યનું છે. તેથી દૂધાળા પશુનો વીમો અવશ્ય લેવો. તે પણ આવા સમયે ભુલાઇ ન જાય તે માટેનો સંદેશો સંગઠન દ્વારા મૂકીએ છીએ.

આમ તો હવામાન કેવું રહેશે તેને આધારે ખેતીમાં પાક સીઝન પ્રમાણે લેવાય છે. પરંતુ વાવેલા પાક સચવાય તે પણ અતિ મહત્વનું છે. વિવિધ ઋતુમાં અતિ વરસાદ, અતિ ઠંડી, અતિ ગરમીને ધ્યાનમાં લઇ ખેડૂ નિર્ણય કરે છે, કે પાકને પાણી ક્યારે આપવું, નિંદામણ ક્યારે કરવું, લણવાનો સમય હોય અને માવઠા(કમોસમી વરસાદ)ની શક્યતા હોય તો તેની આગોતરી વ્યવસ્થા ખેડૂતોએ કરવી પડે છે. જેમ કે, ઘઉં, ઘોડા જીરુ(ઇસબગુલ) અને જીરુ જેવા પાકો વાદળછાયું વાતાવરણ-માવઠું વગેરેને કારણે આ પાકોમાં રોગ આવવાનો ભય રહે છે. તેના માટેના ઉપાયો, ખર્ચની વ્યવસ્થા હવામાનની આગાહીથી ખેડૂ ચોક્કસ કરી શકે અને આગોતરી અને સમયસર મળતી આ માહિતીથી પાકને બચાવી શકાય છે.

ખેડૂ બહેનોના મનની વાત જાણતી વેળાએ તેમણે જણાવ્યું કે, હવામાનની વિવિધ માહિતી અમને સીઝન પહેલા મળે તે ઉપયોગી છે. દર ૧૫ દિવસે પણ હવામાન વિષે જાણવાથી ખેતીના કામના નિર્ણયો લેવા સરળ બને છે અને રોજ બરોજની માહિતી પરથી શાકભાજી ઉતારવા, તેને સાચવવા, બજાર સુધી પહોંચાડવા વગેરે કામો પણ નક્કી કરી શકાય છે. ચોમાસાની આખી સીઝન વિષે અગાઉથી માહિતી હોય તો ચોમાસુ પાક કયા લેવા, ક્યારે લેવા વગેરે નિર્ણયો થઇ શકે છે. જેમ કે, નિચાણવાળા વિસ્તારોમાં જ્યાં પાણી ભરાઇ જાય છે ત્યાં ખેતી કરવી કે ન કરવી તે નક્કી થાય અથવા વધારે પાણી ખમી શકે તેવા પાકની પસંદગી કરવામાં ઉપયોગી થાય છે.

સતત વરસાદમાં વેલાવાળા શાકભાજીને નુકશાન થાય છે. તો વળી, શાકભાજીના ધરુ કોહવાઇ જાય છે ઉપરાંત, શાકભાજીના છોડને ફૂલના ઉગવા વેળાએ વરસાદ આવે તો શાકભાજીનો ઉતાર ઘટી જાય છે. એટલે ખેતીમાં વરસાદ જરૂરી છે, પણ યોગ્ય પાક માટે યોગ્ય સમયે વરસાદ મળે તો પાકને જીવતદાન મળે અને ઉત્પાદન પણ સારું થાય.

અમારુ અર્થતંત્ર હવામાન આધારિત છે. એમ અમને લાગે છે. માટે ખેડૂ તરીકે પ્રત્યેકને આ અંગેની આગોતરી માહિતી યોગ્ય સમયે મળે તેવા પ્રયાસો જરૂરી છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને હવામાન વિભાગ દ્વારા આ પ્રયાસો ચાલુ છે હવે, ટેક્નૉલોજી ગામેગામ આવી ગઈ છે તેથી ગામમાં સવાર-સાંજ હવામાનની જાહેરાત દૂધની ડેરીમાંથી થાય તો ઉપયોગી રહે.

વળી, પંચાયત દ્વારા પણ દર પંદર દિવસે અને સીઝન પહેલા ગામને હવામાન વિભાગની માહિતીના આધારે ગ્રામસભા દ્વારા માહિતી અપાય જેથી, સમગ્ર ગામમાં ખેતીકામ, પશુ-પાલન, ખેતમજૂરીના કામો આયોજનબધ્ધ થાય અને નાની ખેતી વાળા ખેડૂતો કે, ભાગવી ખેતી કરતા ખેડૂને આર્થિક નુકશાન વેઠવાનો વારો નહિવત્ આવે.

હવામાનની આગોતરી માહિતીથી ખેડૂ સજાગ હોય અને ખેતીના નિર્ણયો કરે તે જરૂરી છે. કુદરત સામે લાચારી ન અનુભવાય પણ સજ્જતાથી ઘણું નુકશાન નિવારી શકાય. માટે હવામાનનો સથવારો નિયમિત મળતો રહે તે જરૂરી છે. આપણે જાણીએ છીએ કે ટેકનોલોજી દરેકના હાથમાં છે પરંતુ, ઓનલાઇન શિક્ષણ થવાથી ટેકનોલોજી બાળકોના હાથમાં વધુ સમય રહે છે. અસંગઠિતક્ષેત્રના કામદાર બહેનો કે જેઓ ભાગવી ખેતી પોતાની ખેતી, પશુ-પાલન અને ખેત મજૂરી કરે છે તેઓ આ હવામાનની માહિતી અને કૃષિવિજ્ઞાન કેન્દ્રના માર્ગદર્શનથી વંચિત ન રહી

જાય એ આપણે સૌએ જોવું રહયું. આથી જ સેવા દ્વારા ભારતીય હવામાન વિભાગના સહયોગથી વર્ચ્યુઅલ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ માહિતી ઘણી ઉપયોગી છે. આથી દરેક જિલ્લાના કૃષિવિજ્ઞાન કેન્દ્રના સંકલનમાં રહી બહેનો સુધી આ માહિતી પહોંચે તેવા પ્રયાસો આદર્યા છે.

**- ભારતી ભાવસાર**

❑

આ વર્ષે દેશભરમાં વધુ પડતાં વરસાદને કારણે ચારે તરફ નુકસાન અને બરબાદી નજર સમક્ષ દેખાય છે.

આવા સમયે અંગ્રેજી લેખક સેમ્યુઅલ ટેલર કોલેરીજની કવિતા ''ધ રાઈમ ઓફ ધ એન્સીઅન્ટ મરીનર''ની પંક્તિઓ કે જેનું હિન્દી અનુવાદ કંઈક આ પ્રમાણે છે તે મનમાં આવી.....

**''હર જગહ પાની હી પાની હૈ**

**લેકિન એક બુંદ ભી પીને કે લિયે નહિ હૈ પાની''**

આ પંક્તિઓ અને અત્યારની પરિસ્થિતિને અનુલક્ષીને પાણી વિશેનો મારો વિચાર કાવ્ય સ્વરૂપે આવ્યો.

### 'પાની જીવન કા આધાર'

**સિંચાઈ માંગે પાની**
**મિટ્ટી કી ખુશ્બુ હૈ પાની**
**પર્યાવરણ કી ધડકન હૈ પાની**
**ઊર્જા મે તેરી શકતી હૈ**
**ઘાટો પે તેરી ભક્તિ હૈ...**

**ચૂલા ચૌકા ચાહે પાની**
**આગ ઔર પ્યાસ બુઝાયે પાની**
**ફૂલ ખીલાયે મૈલ હટાયે**
**પવિત્રતા કા પ્રતીક પાની**
**જન્મ- મરન અવસર પર**
**પાક પવિત્ર બનાયે પાની....**

**જબ પાની જીવન હૈ**
**ફિર ક્યોં વ્યર્થ બહાયેં પાની?**
**ચલો પાની કા સંગ્રહ કરેં**
**સ્વચ્છ બનાયેં યે જીવન કા આધાર**
**શાંતિ લાયેં અનંતકાલ તક...**

**— લલિતાજી**

❑

## સેવા ઝારખંડ

# ખેતીવિષયક નોંધ

કોવિડ-૧૯ એ છેલ્લા દાયકામાંની એક અત્યંત વિનાશકારી પરિસ્થિતિઓમાંની એક છે. જેનાથી આપણા સભ્યોમાં છેલ્લા કેટલાક મહિનાઓમાં શું કરવું અને શું ના કરવું તે અંગે ખૂબ જ અસમંજસની પરિસ્થિતિ ઊભી થઈ. લૉકડાઉન જાહેર થવાથી ખેતી કરતા દરેક સભ્યો ચિંતાતુર બની ગયા. વળી સરપંચે પણ કોવિડ-૧૯ ને કારણે કેટલાક નિયમો જાહેર કર્યા. આ સમય દરેક ખેડૂત માટે પોતાની જમીનને ખેતી માટે તૈયાર કરવાનો હતો. પરંતુ લૉકડાઉનને કારણે કોઈ ખેતરમાં જઈ શક્યા નહીં. વરસાદની આવવાની તૈયારી હોવાથી ખેડૂતો ચિંતામાં મુકાઈ ગયા હતા. આપણા સેવાના ઘણા સભ્યો વન્ય પેદાશો એકઠી કરવાનું કામ કરે છે તેઓ પણ પોતાના કામ માટે જંગલમાં જઈ શક્યા નહીં. આ કારણોસર બધાને ઘણું જ આર્થિક નુકસાન થયું છે. ધીરે ધીરે ચોમાસું નજીક આવતું ગયું ખેતીનો સમય આવી પહોંચ્યો જેને કારણે ખેડૂત સભ્યો અંતે ઘરથી ખેતર તરફ વળ્યા. સભ્ય અને તેમના કુટુંબીજનોએ ખેતરોમાં કામ કરવાનું શરૂ કર્યું. વળી આ સમય દરમિયાન જે સભ્યો અન્ય રાજ્યોમાં મજૂરી કરવા ગયા હતા તે પણ ઘરે પાછા આવી ગયા.

સેવા હજારીબાગના ગ્રામ્ય વિસ્તારોમાં ૨૦૧૬-૧૭થી કામ કરી રહી છે. અને એમાંય ખાસ કરીને ૨૦૧૮ થી ખેતમજૂરો સાથે કામ થઈ રહ્યું છે. છેલ્લા કેટલાક સમયથી ઝારખંડના અન્ય વન્ય વિસ્તારોની સરખામણીમાં આ વિસ્તારમાં પ્રમાણમાં ઓછો વરસાદ થઈ રહ્યો છે. સેવાને પણ ઓછાં વરસાદી પાણી ને કારણે ખેતીને લગતું કામ લેવામાં કેટલાક પડકારોનો સામનો કરવો પડ્યો છે. પરંતુ બીજી તરફ ઓછાં વરસાદને કારણે નદી અને તળાવોમાંથી પાણી વહી જતું અટક્યું છે અને સેવાના સભ્યો ખેતીને સંલગ્ન પ્રવૃત્તિ ટકાવી શક્યા છે. પરંતુ આ વિસ્તારમાં સભ્યો સંપૂર્ણપણે ખેતી ઉપર આધાર રાખી શકતા નથી જે ઘણા સભ્યો માટે સ્થળાંતર નું મહત્વનું કારણ છે.

સભ્યોનું કહેવું છે કે ફક્ત ખેતીથી ઘર ચલાવવાનું, બાળકોનું સ્વાસ્થ્ય, શાળાના ખર્ચ, વગેરે કાઢવાનું અઘરું છે.તેથી કુટુંબ માટે વધુ કમાવાની જરૂરિયાત ઊભી થાય છે.તેમના ઘરના પુરુષ સભ્યો આ કારણોસર અન્ય રાજ્યોમાં સ્થળાંતર કરે છે કે જેથી સારી રોજી કમાઈ શકે.

કોવિડ -૧૯ જાણે આખા વિશ્વ ઉપર એક શ્રાપ બનીને આવ્યો છે.બધે રોજ રોગના કેસ વધી રહ્યા છે. કામદારો માટે કોરોનાને કારને સ્થળાંતરિત વિસ્તારોમાં પણ કામ મેળવવાનું અઘરું બન્યું જેથી મે મહિનાની આસપાસ જ બધા પાછા પોતાના ગામ તરફ

**‘ANASOOYA’ R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20 Issued by S.S.P. Valid up to 31-12-2020.**

**Ahmedabad P.S.O. 22-9-2020**

ફર્યા. રોજી કમાવાના સૌથી મહત્વના મહિનાઓમાં જ કામ વિના, પૈસા વગર તેઓ ગામ આવ્યા.સેવાના સભ્યો આ કપરા સમયમાં એક બાજુ કથળેલી આર્થિક પરિસ્થિતિને લઈને ચિંતામાં હતા તો બીજી બાજુ ઘરના સભ્યો જે હેમખેમ પાછા ફર્યા અને હવે ઘરે ખેતીકામમાં તેમને મદદરૂપ થશે ને બધા સાથે મળીને ખેતરોમાં કામ કરી શકશે તેનો મનમાં આનંદ પણ હતો.

આમ તો આ વર્ષે થયેલા વધારે પડતા વરસાદને કારણે ઘણી જગ્યાએ ખેતીને તથા અન્ય કેટલાક ધાંધાઓને ખૂબ જ નુકસાન થયું છે. સેવા કામ કરે છે તેવા રાજ્યોમાં ખાસ કરીને બિહારમાં ભારે વરસાદને કારણે ઘણો પાક નષ્ટ થઈ ગયો. કેટલાયને પૂરની પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો અને તેમના ઘર, ઘરવખરી તણાઈ ગયા. પરંતુ સદભાગ્યે આ વર્ષે ઝારખંડમાં ગયા વર્ષની સરખામણીએ ઘણો સારો વરસાદ થયો છે. આપણા સભ્યો માટે આ કોરોનાના કપરા કાળમાં જે આ વખતે આશીર્વાદ રૂપ બન્યો છે. ડાંગરની રોપણીને આ વરસાદથી ખૂબ ફાયદો થયો છે.

સેવાએ સભ્યોને ખેતીવિષયક ટેકનિકલ ટ્રેનિંગ આપવાનું પણ શરૂ કર્યું છે. પૈસાની અછતને કારણે આ વખતે સભ્યો બિયારણ ખરીદી શક્યા નહિ. વળી દુકાનો પણ બંધ હોવાને કારણે સભ્યો જે ડાંગરનું હાઈબ્રીડ બિયારણ લેવા માટે ટેવાઈ ગયા હતા તે પણ ખરીદી શક્યા નહિ.અંતે કોઈ વિકલ્પ ના હોવાને કારણે તેમણે પોતાનાં ઘરનું બિયારણ ખેતી માટે વાપર્યું. સભ્યોએ જૂની પદ્ધતિથી ડાંગરની ખેતી કરી કારણ કે તે સરળ છે અને ઓછો સમય લે છે.છેલ્લા બે વર્ષથી થોડા સભ્યો કે જેમની પાસે મોટી ખેતીની જમીન અને સારી પાણી જાળવી રાખતી જમીન હતી તેઓએ ડાંગરની વાવણી માટે ડાંગર ટ્રાન્સપ્લાન્ટરનો ઉપયોગ કર્યો. પરંતુ ખૂબ ઓછા સભ્યો ૮ થી ૧૦ એ જ આ પદ્ધતિનો ઉપયોગ કર્યો.

કોવિડ-૧૯ની પરિસ્થિમાં તેમની પાસે ઓછું બિયારણ હતું પણ સામે વરસાદ સારો રહ્યો. જેથી હજારીબાગ દરૂ બ્લોકના ૨૫થી વધુ સભ્યોએ એસ.આર.આઈ. (સિસ્ટેમેટિક રાઇસ ઈન્ટેન્સીફિકેશન) પદ્ધતિની તાલીમનો ઉપયોગ ૪૬૩ દશાંશ જમીનમાં ડાંગરની ખેતી માટે કર્યો. જો કે ગયા વર્ષે પણ કેટલાકે એસ.આર.આઈ. પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો, પરંતુ તેમાં વાવણીમાં વધુ સમય લાગતો હોવાથી સભ્યો આ પદ્ધતિનો ઉપયોગ કરવાનું ઓછું પસંદ કરે છે. તેમ છતાં વધુ સારા પાકની અપેક્ષાએ કેટલાક સભ્યોએ ડાંગરની ખેતીની આ પદ્ધતિને અપનાવી છે.

**— અંશુ**

❑

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **22-9-2020**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001